ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૧૨-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ભારત માટે રશિયા સાથેની મૈત્રી ટોપ પ્રાયોરિટી

આગામી પ્રજાસત્તાક દિવસની પરેડ ટાણે પહેલી જ વાર અમેરિકન પ્રેસિડેન્ટ મુખ્ય મહેમાન તરીકે પધારી રહ્યા છે ત્યારે ભારત-રશિયા વચ્ચે એમના આગમન પૂર્વે થયેલા મૈત્રી-કરારનું ઐતિહાસિક મહત્ત્વ ગણાશે. તટસ્થ - નોન એલાઇન્ડ રાષ્ટ્ર તરીકેની સફળ અને લાંબી કારકિર્દી ધરાવતી વિશ્વની સૌથી મોટી લોકશાહી જ્યારે મહાસત્તા તરીકે ઊપસી રહી છે ત્યારે મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થઇ ચૂકેલા રાષ્ટ્રો સાથે સંતુલિત સંબંધો જાળવવાનો તકાદો વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુપેરે સમજે છે. તેથી જી-૨૦ રાષ્ટ્રોની શિખર પરિષદમાં વિસ્તારવાદી નીતિને કારણે ટીકા થતાં નારાજ થઇ અધવચ્ચે મોસ્કો ઉપડી ગયેલા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને દિલ્હી બોલાવીને અમેરિકાના રાષ્ટ્રપતિ ઓબામાના સૂચિત આગમન પૂર્વ સત્કારવાનો અને રશિયાને ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ રક્ષા સહયોગી તરીકે બિરદાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વ્યૂહ આંતરરાષ્ટ્રીય પરિબળોને એક મેસેજ પણ છે અને આડકતરી ચીમકી પણ. બેઉ નેતાઓએ હૈદરાબાદ હાઉસમાં દિલ ખોલીને પરસ્પર સહયોગ સાધવાની પરંપરા ચાલુ રાખી છે. ભારતને ખરી કસોટીવેળાએ રશિયાનો જ સહયોગ સાંપડતો રહ્યો છે, તે હકીકતને ભારતની કોઇ પણ સરકાર નજર અંદાજ કરી શકે નહીં. નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટી વિચારધારાની રૂએ જમણેરી ઝોક ધરાવતા હોય છતાં આ વાસ્તવિકતા તો એમને સ્વીકારવી જ પડે પુતિન સાથે સોળ મહત્ત્વના કરારો થયા છે જે ડાયમંડથી ડિફેન્સ સુધીનાં ક્ષેત્રોને આવરી લે છે. મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'મેક ઇન ઇન્ડિયા' ને પણ રશિયાનો સહયોગ સાંપડ્યો. રશિયા એનાં અત્યાધુનિક હેલિકોપ્ટરોનું ભારત ખાતે નિર્માણ કરશે. વળી એના રફ ડાયમંડને સુરત-મુંબઇના રત્નકલાકારો સંમાર્જિત કરશે, તે પણ ભારત માટે રોજગારીનું ક્ષેત્ર વિસ્તારતી ઘટના હશે. ભારતને પરમાણુ ક્ષેત્રે વધુ સંપન્ન અને સક્ષમ બનાવવા માટે વધુ બાર પરમાણુ રિએક્ટર ભારત ખાતે બનાવવા રશિયાએ તૈયારી દર્શાવી છે અને ઓઇલ તથા ગેસ સંશોધન તથા મેડિકલ ક્ષેત્રે સહયોગ કરી ભારત સાથેની દોસ્તી દૃઢીભૂત બનાવવાનો સંકલ્પ કર્યો છે. રશિયા પાસેથી ભારતની કંપનીઓ સુખોઇ સુપરજેટ ૧૦૦ અને એમ.એસ.૨૧ ખરીદે એવી પણ સંભાવના છે. ટૂંકમાં ભારતને રશિયાનું સમર્થન અગાઉની જેમ જ સાંપડતું રહેશે. વડાપ્રધાન મોદીએ ઓબામા અને અમેરિકાને વધુ પડતું મહત્ત્વ આપ્યું હોવાના ખ્યાલથી રશિયન પ્રમુખે ભારતનો પ્રવાસ ટૂંકાવવાનું પસંદ કરેલું; એમણે સંસદના બેઉ ગૃહોને સંબોધવાની દરખાસ્ત પણ ટાળી હતી. પરંતુ એમની સાથે થયેલ કરાર અને ટૂંકી વાતચીત પછી એ ભારતના વ્યવહાર અને વિવેકથી સંતુષ્ટ લાગતા હતા. આખરે ભારત જેવા ત્રીજી દુનિયાના રાષ્ટ્રે મહાસત્તાઓ વચ્ચે સંતુલન રાખવાની કવાયત તો કરવી જ પડે. મહદંશે મોદી સરકારને એમાં સફળતા મળી છે, એમ કહેવામાં વાંધો ન હોવો જોઇએ.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સ્પોર્ટસ ડે ઉજવાયો

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૧૦મા વાર્ષિક સ્પોર્ટસ ડે નું આયોજન કરાયું હતું. આ દિવસે શાળાનો જન્મ દિવસ પણ હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. સ્પોર્ટસ ડે નિમિત્તે વિવિધ રમતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીન બેગ બેલેન્સ, મ્યુઝીકલ હાસ, પીકીંગ ધ બેગ, ફાઈડીંગ ધ બેગ, ફોસીંગ ધ આર્યલેન્ડ, હર્ડલ ટેસ્ટ વગેરે જેવી અનેક નવીન રમતો ઉપરાંત પેરા શુટીંગ, રીલે રેસ, જીમનાસ્ટીક અને કરાટે જેવી સ્પર્ધાઓનો પણ સમાવેશ થાય છે. આ રમતોત્સવમાં મૂલસીંગ વાઘેલા સ્પોર્ટસ મેન ઓફ ધ યર જાહેર કરાયા હતા.

આવતીકાલે ઉર્જા સંરક્ષણ દિન નિમિત્તે વાવોલમાં રેલીનું આયોજન

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉર્જા રેલીનું આયોજન કરાયું : ૨૦૦ વિદ્યાર્થીઓ રેલીમાં ઉર્જા બચાવાનો સંદેશો આપશે : એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે ઉર્જા વિષયક પ્રદર્શન પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સે. ૨૩માં આવેલ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૪મી ડિસેમ્બરે ઉર્જા સંરક્ષણ દિન નિમિત્તે વાવોલ ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉર્જા રેલીમાં ૨૦૦ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકો ભાગ લેશે. જેઓ કેપ, પ્લેકાર્ડ, બેનર વગેરે લઈને સૂત્રોચ્ચાર દ્વારા ઉર્જા બચાવોનો સંદેશો ઘરે-ઘરે પહોંચાડશે.

ઉર્જા પ્રત્યે જાગૃતિ આણવાના ઉપક્રમે ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે આ ઉર્જા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જે વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતેથી નીકળશે. આ રેલીનું નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ અને એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયના પ્રિન્સીપાલ બળદેવભાઈ પટેલ કરાવશે. આ દિવસે એમ.બી. પટેલ વિદ્યાલયમાં ઉર્જા વિષયક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે.

સોમવારે સરદારની ૬૫મી પુણ્યતિથી નિમિત્તે વિચાર ગોષ્ઠિ

શાહીબાગના સરદાર સ્મારક ખાતે 'ગાંધી-સરદાર-નહેરુ, સ્વાતંત્ર્ય-સંગ્રામની ત્રિપુટી' વિષય પર વકતવ્યો રજૂ કરાશે : ભારતભરમાં પ્રથમવાર સ્થાયી ડી લાઈટ-સાઉન્ડ લેસર શૉ પ્રદર્શિત કરાશે

ગાંધીનગર, તા.૧૨

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૬૫મી પુણ્યતિથી નિમિત્તે તા. ૧૫મી ડિસેમ્બર સોમવારના રોજ અમદાવાદના શાહીબાગ ખાતેના સરદાર સ્મારક ખાતેના કોમ્યુનિટી હોલમાં સાંજે ૪ વાગે એક વિચાર ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિચાર ગોષ્ઠિ 'ગાંધી-સરદાર-નહેરુ- સ્વાતંત્ર્ય સંગ્રામની ત્રિપુટી' વિષય પર યોજાશે. જેમાં વકતાઓ ડૉ. રોહીત શુકલ અને ઉર્વશી કોઠારી તેમના વકતવ્યો રજુ કરશે. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ દિનશા પટેલ અને મહામંત્રી આર.એસ.પટેલ પ્રાસંગિક પ્રવચન રજૂ કરશે.

આ કાર્યક્રમમાં વ્યકતવ્યોના સમાપન બાદ ભારતના ૧૦૦ વર્ષના સંગ્રામની ઝાંખી કરાવતો અદભૂત અને ભારતભરમાં સૌ પ્રથમવાર લાઈટ, સાઉન્ડ અને લેસર દ્વારા સ્થાયી ડી શૉ દર્શાવાશે. આ શૉ અને સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલય તે દિવસ પુરતું જાહેર જનતા માટે વિના મુલ્યે ખુલ્લું રહેશે. આ કાર્યક્રમમાં અમદાવાદની સરદાર પટેલ આર્ટસ કોલેજ, લોકસેવા ટ્રસ્ટ, મિશન વંદેમાતરમ્, રોટરી કલબ એરપોર્ટ અને લાયન્સ કલબ નરોડા જેવી સંસ્થાઓ સહભાગી થશે.

શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક મળી

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ડિસેમ્બર માસની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ લવજીભાઈ વાડીયા તેમજ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સંસ્થાની સક્રિયતાના હિતમાં સંસ્થાની માસિક બેઠક પદાધિકારીઓ સહિતના કારોબારી સભ્યોના નિવાસસ્થાને ક્રમવાર યોજવાનું અને કારોબારીની મુદત આગામી ત્રણ માસ પછી પુરી થાય છે તે સંજોગોમાં નવી કારોબારીના સંદર્ભમાં સામાન્ય સભા માર્ચ ૨૦૧૫ના છેલ્લા અઠવાડિયામાં બોલાવવાનું ઠરાવાયું હતું. આ નિર્ણયોના અમલ માટે મહામંત્રી નિરંજનભાઈ ઓઝાને જવાબદારી સોંપવામાં આવી હતી.

આજે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની ૪૫મી સ્પોર્ટસ સમીટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સે. ૮માં આવેલા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની ૪૫મી સ્પોર્ટસ મીટ તા. ૧૩મી ડિસેમ્બર શનિવારે સવારે ૮.૧૫ વાગે યોજાશે. આ પ્રસંગે ગાંધીનગર સીઆરપીએફ ગ્રુપ સેન્ટરના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ થોમસ જોબ અને તેમના પત્ની ડૉ. મરિના થોમસ ઉપસ્થિત રહેશે. આ સ્પોર્ટસ મીટ દરમ્યાન દોડ, લાંબી કૂદ, ઊંચીકૂદ, સ્લો સાયકલ, દેડકાદોડ, રીલે દોડ, રેડી ફોર વિન્ટર, પિક ઓફ ફ્રુટ, હન્ટીંગ ફોર થિંક-ગ્રીન બોલ્સ, ઈટ અ બનાના, બેલેન્સીંગ ધ લુક, બ્રિંગ મી મની અને બેલેન્સ યોર બિસ્કીટ જેવી અઢળક રમતોની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં વિજેતાઓને ઈનામો દ્વારા સન્માનવામાં આવશે.

રવિવારે સે. ૧૧માં મહા રક્તદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૧૧ માં આવેલ શાલીન કોમ્પલેક્ષની સામે હોટલ પ્રેસિડેન્ટ ખાતે તા. ૧૪મી ડિસેમ્બરે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહા રક્તદાન કેમ્પ સવારે ૮ થી ૨ વાગ્યા દરમ્યાન યોજાશે.

આ મહા રક્તદાન કેમ્પ ઉડાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહકારથી યોજવામાં આવ્યો છે. આ મહા રક્તદાન કેમ્પમાં સેવાભાવી સમાજના લોકો, યુવાનો, શુભેચ્છકો અને નગરજનોને જિલ્લા હોસ્પિટલોમાં જરૂરિયાતમંદ દર્દીઓ તેમજ અસાધ્ય રોગોથી પીડાતા દર્દીઓને સહેલાઈથી રક્ત મળી રહે અને તેના થકી નવુ જીવનદાન મળી રહે તે માટે રક્તદાન કરવા જાહેર અપીલ કરવામાં આવી છે.

હરિની દૃષ્ટિ...

ભારે કરી કાકા.. ટાં આગડી અમેરિકાવાલા વિઝા ન ચાલે, અને આપરે ગાલો ભાંડીએ તે એ X OXII !! સાલાઓ હવે, સમજી જશે ને !

અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં વાંચન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં તા. ૧૦મીથી ૧૨મી ડિસેમ્બર દરમ્યાન ત્રિદિવસીય વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાંચન શિબિરમાં વિદ્યાર્થીઓને ગુજરાતના ખ્યાતનામ લેખકો, સાહિત્યકારો, કેળવણીકારો અને માર્ગદર્શકોને સાંભળવાનો મોકો મળ્યો હતો.

આ વાંચન શિબિરના પ્રથમ દિવસે ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટીના સલાહકાર ડૉ. જ્યોતિબેન થાનકીએ વિદ્યાર્થીઓને પુસ્તક અને મૈત્રી વિશે સમજ આપી હતી. બીજા દિવસે ગુજરાત સમાચારના ચીફ એડીટર ધૈવત ત્રિવેદીએ કારકિર્દી અને તેના ઘડતરનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આખરી દિવસે ડૉ. સ્વપ્નીલ મહેતાએ વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા સાહિત્ય અને તેનું કારકિર્દીમાં મહત્વને સમજાવ્યુ હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યા જે.જે. ભટ્ટ અને ગ્રંથપાલ શ્રધ્ધાબેન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને વાંચનનું મહત્વ જાળવવા અને વાંચનમાં રસ કેળવવા માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી ત. ૧લી ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ ગોળ-પરગણા બાધ સિવાય સમગ્ર વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા ઉત્સુક યુગલોએ તેમના વિના મૂલ્યે ફોર્મ મેળવી તા. ૧૦મી જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં સંસ્થામાં પરત કરવાના રહેશે. આ સમૂહ લગ્નોત્સવ માટે વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૨૫ યુગલોને જ લેવાના હોઈ સત્વરે ફોર્મ પહોંચાડવા તાકીદ કરાઈ છે.

પ્રત્યેક રાષ્ટ્ર પોતાની ઓળખ, વિશેષતા અને લાક્ષણિકતાને ટકાવી રાખવા સજાગ, તત્પર અને સક્રિય છે, આપણામાં આ ખૂટે છે

શિક્ષણમાં ભારતીયતાનો આવિર્ભાવ

- હર્ષદ પ્ર. શાહ

આપણો... મનુષ્યનો સ્વભાવ છે આપણે સતત ઈષ્ટ તત્ત્વની અભીપ્સા સેવતા હોઈએ છીએ. કંઈક સારું વિચારવું, સત્યને શોધવું ને પામવું અને, ઈચ્છિત અને સુવિચારીત લક્ષ્ય સુધી પહોંચવું એ પ્રગતિવાંછુ મનુષ્યોની જીવવાની શૈલી રહી છે.

હું છેલ્લા ૫૦ વર્ષોથી સમાજાભિમુખ જીવન જીવી રહ્યો છું. ભારતીય જનજીવનના પ્રવાહના અનેક વળાંકો મેં જોયા છે. જનજીવનમાં વપરાતાં કેટલાય શબ્દોમાં બહુચર્ચિત શબ્દો છે - પ્રગતિ અને વિકાસ. પ્રગતિ કરવી એટલે શું? અને વિકાસ કરવો એટલે શું? એ વાત મોટા ભાગનો જનસમાજ સારી પેઠે સમજી શકતો નથી એવું લાગ્યા કરે છે. આવા શબ્દોના સાચા હાર્દને ન સમજી શકવાને કારણે જીવનની દિશા ખોટી પડકાય છે. કેટલાય લોકો ભૌતિક વિકાસને... વૈભવને પ્રગતિ માની ગળે લગાડે છે. વિદેશી જીવનશૈલીનું આંધળું અનુકરણ કરી નિજાનંદ માણે છે. એવા લોકોનો સમાજ-ઘટકો સાથે જીવંત સંપર્ક નથી રહેતો. એમની રહેણીકરણી, વિચારશૈલી, જીવનશૈલી સ્વકેન્દ્રી બનતી જાય છે. 'સર્વ' નામના વિષયનું કોઈ જ મહત્ત્વ એમને હોતું નથી. પરિણામ એ નીપજે છે કે એ સમાજનું એક અંગ હોવા છતાં વિચ્છિન્ન બને છે. પોતાની આજુબાજુ રહેતા લોકો કે જીવોની એમને પરવા હોતી નથી. આ કંઈ એકાત્મભાવ નથી, સ્વાર્થવૃત્તિ છે. એમનો ભારતીયતા સાથેનો નાતો રહેતો નથી. **Modernisation** ના પગલે એમનું **Westernisation** થઈ જાય છે.

મારે જે કહેવું છે તે એ કે પ્રત્યેક ભારતીયમાં ભારતીયતા ભારોભાર હોવી ઘટે. ભારતની માટીની મહેંક એમના વ્યક્તિત્વમાં વણાઈ જવી જોઈએ. આપણું રાષ્ટ્ર ભારત છે. તેથી ભારતીયતાનો ભાવ વિકસવો એનો અર્થ છે રાષ્ટ્રીયતાનો ભાવ વિકસવો. આવું થાય તો રાષ્ટ્ર સમર્થ બને. ભારતમાં જીવતી પ્રત્યેક વ્યક્તિ ભારતને દિલથી ચાહે, એના હિતનો જ વિચાર હંમેશાં કરે અને પોતાની સર્વ કૃતિ આ દેશની સંસ્કૃતિને સંવર્ધિત કરવા માટે સમર્પે તો ભારત સમગ્ર વિશ્વમાંથી રાષ્ટ્રોની માલિકીનું એક ઝળહળતું મોતી બને.

આવું ત્યારે જ સંભવ છે કે આપણા પરિવારો બાળકોને ગળથૂથીમાં જ ભારતીયતાનું પીયૂષ પાય, આપણા શિક્ષણમાંથી ડગલેને પગલે ભારતીય સત્વ-તત્ત્વ અભિવ્યક્ત થાય.

અને તેથી શિક્ષણમાં ભારતીય ચિંતન આવશ્યક છે, અનિવાર્ય છે. ભારતના પ્રત્યેક શિક્ષણવિદ માટે એ પ્રાથમિકતાનો વિષય બનવો જોઈએ. શિક્ષણમાં ભારતીયતાનો અર્થ એ નથી કે 'ભારત'થી ઉપર ઉઠીને કંઈ ન વિચારવું. વાસ્તવમાં 'ભારત'માંથી પ્રસ્ફુટિત થયેલું જ્ઞાન તો અતિ વ્યાપક, વિશાળ અને વૈશ્વિક છે, સમગ્ર વિશ્વના હિતમાં છે.

ભારતે 'ભારતીયતા'માં કેટલી બધી વૈશ્વિકતા અને સમગ્રતા સમાવી છે એ કેટલાંક સૂત્રોથી સમજાશે -

વસુધૈવ કુટુમ્બકમ્ - આખી વસુધા એક કુટુંબ છે
કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ - સમગ્ર વિશ્વને અમે સુસંસ્કૃત બનાવીશું
પ્રદીપયેમ જગત્સર્વમ્ - અમે આખા જગતને અજવાળીશું
આત્મવત્ સર્વભૂતેષુ - પ્રત્યેકમાં સમાન આત્મતત્ત્વ સમાયેલું છે
અહમ્ બ્રહ્માઽસ્મિ-તત્ત્વમસિ - મારામાં બ્રહ્મતત્ત્વને, તે જ તારામાં પણ છે

સર્વેઽપિ સુખિનઃ સન્તુ - જગતમાં સર્વ જીવો સુખી થાઓ.

આપણા શિક્ષણમાં આવું બધું શીખવવાથી આપણા વિદ્યાર્થીઓની વ્યાપકતા વધે કે સંકુચિતતા જન્મે? પણ, **Global** ની દોડમાં **Local** સાવ ભૂલી ગયા. તેથી મારું સ્પષ્ટપણે એવું માનવું છે કે શિક્ષણમાં ભારતીયતાનો આવિષ્કાર કર્યા વિના, એ તત્ત્વને સમાવ્યા વિના પ્રગતિ, વિકાસ કે વૈભવ શક્ય જ નથી.

વૈભવની વ્યાખ્યા કરવાનો થોડો પ્રયત્ન કરું.

વૈભવ એટલે -
સ્વસ્થ સમાજજીવન
સંસ્કારોની ઊંચાઈ
ભારતીય જીવનમૂલ્યોનું જતન
સહઅસ્તિત્વ અને સહિષ્ણુતાની સમજ
વ્યક્તિ નહીં, સમષ્ટિનો વિચાર
જ્ઞાન-વિજ્ઞાનનો વૈભવ
કલા-સાહિત્યનો વૈભવ

ભારતને આવા વૈભવથી વૈભવસંપન્ન કરવું હોય તો શિક્ષણને ભારતીયતાના રંગે રંગવું જોઈએ.

આ તબક્કે મને શિક્ષણના માધ્યમથી ત્રણ અપેક્ષાઓ વ્યક્ત કરવાનું મન થાય છે.

શિક્ષણ એવું હોવું જોઈએ કે જેનાથી -
(૧) વ્યક્તિનું ચારિત્ર્ય નિર્માણ થાય.
(૨) સમાજ અને રાષ્ટ્રની આવશ્યકતાઓની પૂર્તિ થાય.
(૩) આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરવાનું સામર્થ્ય જન્મે.

ભારતનો... ભારતીય સંસ્કૃતિનો પ્રાણ અધ્યાત્મ છે. સમગ્ર વિશ્વમાં એ આપણી ઓળખ છે. ઈંગ્લેન્ડના એક વખતના વડાપ્રધાન માર્ગારેટ થેચરે એક વાર ઉચ્ચાર્યું હતું કે ભારતીયતામાં સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપવાનું સામર્થ્ય છે. તેથી હે ભારતીયો! તમે તમારી ઓળખ ટકાવી રાખજો.

આવી કેટલીય વાતો ભારત માટે વિદેશી મહાનુભાવો કરતા રહ્યા છે... પણ, આપણે આપણને ઓળખવા કે ઢંઢોળવા માગતા નથી. **Journey Within** કરવાની જરૂર છે.

પ્રત્યેક રાષ્ટ્ર પોતાની ઓળખ, વિશેષતા અને લાક્ષણિકતાને ટકાવી રાખવા સજાગ, તત્પર અને સક્રિય છે. આપણામાં આ ખૂટે છે.

ઈંગ્લેન્ડનો એક વિદ્વાન ભારતીય વિદ્યાર્થીઓને સમક્ષ એવું કહે છે કે, **"We teach Eanland first and then English !"**

આ વાકય ઈંગ્લેન્ડની પોતાપણાની ઓળખ માટેની ખુમારી દર્શાવે છે. એવું સાંભળીનેય આપણને એમ ન થાય કે આપણે ભારતીયોને ભારતીયતા શીખવીએ? આપણે તો -

We will teach English first and Bharat never !

નો પથ અપનાવીને ભટકી રહ્યા છીએ...

સમજાતું નથી કે આપણને થયું છે શું? આપણે તો જગતને કહેતા હતા કે અમે સિંહશાવક છીએ... સિંહના દાંત ગણતા ભરતના 'ભારત'ના મહાન વંશજો છીએ. કયાં ગયું એ સિંહત્વ? આપણે શિયાળવાંઓની જેમ શીદને જીવી રહ્યા છીએ? આપણે તો કહેતા - વયમ્ અમૃતસ્ય પુત્રા : । આ અમૃત કયાં અદૃશ્ય થઈ ગયું? મને તો લાગે છે કે પેપ્સી કોલાના પીણામાં ભળીને વિષ બનીને એ આપણી સમગ્રતામાં ફેલાઈ ગયું!

ખોળિયું ભારતીય, આત્મા વિદેશી
કપડાં વિદેશી
જીવનશૈલી વિદેશી.

કંઈ જ ભારતીય ન બચાવી રાખવામાં આપણે કયું ગૌરવ અનુભવીએ છીએ? કયાં ગયું આપણું આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ?

આપણા આવા અબૂધપણાને જોઈને વિદેશીઓ મૂછમાં હસતા હશે, આનંદ પામતા હશે. એમને તો મોકળું મેદાન મળ્યું. ભટકેલા ભારતીયોનું વિશાળ બજાર મળ્યું. ભારત શું ધર્મશાળા છે કે જગતનાં સર્વ અનિષ્ટો અહીં આશ્રય પામે?

આપણને ન તો સ્વનું ગૌરવ છે, ન સ્વભાષાનું ગૌરવ છે કે ન તો આપણા મહાન વારસાનું ગૌરવ છે.

મોબાઈલ અને ગેઝેટ્સની માયાજાળમાં ખોવાયેલી નવી પેઢી તો 'ભારતીયતા'થી જોજનો દૂર જતી જાય છે. એને બચાવવી જરૂરી છે. એ શિક્ષણ જ કરી શકશે. શિક્ષણ તો જ કરી શકશે જો એમાં ભારતીયતાનો આવિર્ભાવ થાય.

શિક્ષણમાં ભારતીયતાનો આવિર્ભાવ શી રીતે કરી શકાય?

આ રહ્યા એના રસ્તા -

- જયાં સુધી સંભવ હોય ત્યાં સુધી શિક્ષણ માતૃભાષામાં આપવું, પ્રાથમિક શિક્ષણ તો અનિવાર્યપણે.
- 'ભારતીય સંસ્કૃતિ' વિષય પાઠ્યપુસ્તકનો અનિવાર્ય હિસ્સો બને.
- વિદેશી ઈતિહાસ પાનેપાનાં ભરીને શીખવવાને બદલે ભારતનો ગૌરવવંતો ઈતિહાસ શીખવવો.
- ભારતીય ઋષિ-વિજ્ઞાનીઓ, સંતો, શૂરવીરો, ક્રાંતિકારો અને ચિંતકોનો વિસ્તૃત પરિચય પાઠ્યક્રમ દ્વારા કરાવવો.
- વિદેશોનું અનુકરણ કરીને અત્યારે આપણે ફાઈવ સ્ટાર સ્કૂલો, અદ્યતન વ્યવસ્થાઓ અને સ્માર્ટ ક્લાસીસમાં નવી પેઢીને ઉછેરી રહ્યા છીએ. તેની સાથે એને પ્રકૃતિની **Open University** માં ભણાવવાનો વિચાર પણ કરવ જોઈએ.
- શિક્ષણનું કેન્દ્રબિંદુ રાષ્ટ્ર હોવું જોઈએ. રાષ્ટ્રભક્તિ નિર્માણ ન કરી શકે એ શિક્ષણ વ્યર્થ છે. એને ત્યાગવું જોઈએ.
- વ્યક્તિગત ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ચારિત્ર્ય એક સિક્કાની બે બાજુ જેવાં છે, એકબીજા વિના અધૂરાં છે. એ બંનેનું નિર્માણ થઈ શકે એવું શિક્ષણ ઘડવું.

કામ અઘરું છે. 'સ્વ' ની ઓળખ મેળવવી સૌથી અઘરું છે. પણ એ કરવું જ પડશે. એના વિના આપણું, ભારતનું અસ્તિત્વ સંભવ નથી. પુરૂષાર્થ આદરીએ.